# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. 'ઇન્ડિયા કેમ 2024' સંમેલનને સંબોધિત કરતાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે સુદ્રઢ ઔદ્યોગિક અને લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પરિણામે ગુજરાત ભારતનું પેટ્રો હબ બન્યું
2. ઓગસ્ટ માસમાં વરસાદને પગલે થયેલા પાક નુકસાન સામે સરકાર ટૂંક સમયમાં વળતર જાહેર કરશે.
3. વાવ વિધાનસભા બેઠક માટેની પેટા ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિદ્ધ થયું
4. તહેવારોને જોતાં રાજ્યના પરિવહન નિગમ દ્વારા ૮ હજાર ૩૪૦ બસોની વધારાની ટ્રીપોનું આયોજન
5. આગામી પાંચ દિવસ સુધી રાજ્યના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM IN CHEM 2024

મુંબઈમાં આયોજીત ‘ઇન્ડિયા કેમ 2024’ના દ્વીવાર્ષિક સંમેલનને સંબોધિત કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે દૃઢ ઔદ્યોગીક અને લોજિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પરિણામે ગુજરાત દેશનું પેટ્રો હબ બન્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું કે પેટ્રોકેમિકલ ક્ષેત્રે દેશની કુલ નિકાસમાં 31 ટકાના ફાળા સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્ય છે.

### (BYTE – મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ)

કેન્દ્રના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ તથા કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝર મંત્રી જગત પ્રકાશ નડ્ડા, રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ તેમજ મધ્યપ્રદેશ અને ઓડિશાના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીએ બપોરે ગ્લૉબલ સી.ઈ.ઓ ફોરમમાં હાજરી આપી હતી. જે બાદ સાંજે તેઓ અમદાવાદ ખાતે ઇન્ડિયન સોસિયટી ઑફ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનના વાર્ષિક સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------

## RAGHAVJI PATEL

રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું છે કે ઑગસ્ટ માસમાં ભારે વરસાદને પગલે ખેડૂતોને થયેલા નુકસાન સામેનું વળતર રાજ્ય સરકાર આગામી ટૂંક

સમયમાં જાહેર કરાશે. હિમંતનગર જાહેર કાર્યક્રમ બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે આ મુજબનું જણાવ્યું.

(BYTE - રાઘવજી પટેલ, કૃષિ મંત્રી)

----------------------------------

## GANDHINAGAR NFSU AI SUMMIT

નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે 'કૃત્રિમ બુદ્ધિમત્તાના પડકારો' વિષય આધારિત બે દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આજે સમાપન થયું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રાલયના આંતરિક સુરક્ષાના વિશેષ સચિવ સુંદરી નંદાએ જણાવ્યું કે સાયબર સ્પેસ જટિલ બની રહી છે અને દેશમાં જટિલ રાષ્ટ્રીય માળખાની સુરક્ષા માટે સ્થાનિક ઉપાયોની જરૂર છે. વધુમાં તેમણે ઉમેર્યું કે વર્તમાન સમયમાં ડીપ ફેક, ખોટી માહિતી જેવા AI આધારિત ગુનાઓ ગંભીર પડકાર સાબિત થઈ રહ્યા છે.

આ પ્રસંગે સંબોધન કરતા NFSUના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસે જણાવ્યું કે AI-સંચાલિત ગુનાઓ અટકાવવા 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ફોરેન્સિક્સ' આવશ્યક છે. ડૉ. વ્યાસે કાયદાના અમલીકરણ અને તપાસ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું સંચાલન કરતા વિષયો ઉપર વિશેષ વક્તવ્ય આપતા, AI સંબંધિત ઉપયોગ, પોલીસિંગ અને ફોરેન્સિક્સ અંગે મહત્ત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા હતા.

.................

## VAV BYPOLL

બનાસકાંઠાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠક માટેની પેટા ચૂંટણી માટે આજે જાહેરનામું પ્રસિદ્ધ થયુ હતું. જોકે પ્રથમ દિવસે એક પણ ઉમેદવારી પત્ર રજૂ થયું ન હતું. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 25 ઑક્ટોબર છે.

ઉલ્લેખનીય છે કે વાવ બેઠકના ધારાસભ્ય ગેની બહેન ઠાકોર સાંસદ તરીકે ચૂંટાઈ આવતા આ બેઠક ખાલી પડી હતી. 13 નવેમ્બરના રોજ અહીં પેટા ચૂંટણી માટે મતદાન થશે.

-----------------------------------

## RAJKOT-KUNVARJI BAVALIYA

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજકોટના જસદણ ખાતે પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે ૨૪૦ લાભાર્થીઓને વિનામૂલ્યે પ્લોટની ફાળવણી કરાઈ. વિચરતી વિમુક્ત જાતિના પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે ૧૦૦ ચોરસ વારના પ્લોટ ફાળવણીની સનદનું મંત્રીશ્રીના હસ્તે વિતરણ કરાયું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, તમામ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન બનાવવા માટે પણ સહાય આપવામાં આવશે, જો લાભાર્થી જાતે મકાન બનાવે તો મનરેગા યોજના હેઠળ અલગથી ૨૫ હજાર રૂપિયાની સહાય

પણ આપવામાં આવશે. કાર્યક્રમના સ્થળ પર આરોગ્ય વિભાગ દ્વારા એક આરોગ્ય કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો.

---------

## COMMONWEALTH PARLIAMENTARY MEET

કોમનવેલ્થ સંસદીય સમિતિની બેઠક આ વર્ષે ઑસ્ટ્રિયાના સિડની ખાતે 3થી 8 નવેમ્બર વચ્ચે યોજાશે. જેમાં વિધાનસભા અધ્યક્ષ શંકરસિંહ ચૌધરી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. બેઠક દરમિયાન કોમનવેલ્થ સંસદીય સમિતિના અધ્યક્ષ પદ માટેની ચૂંટણી માટે તેઓ મતદાન પણ કરશે, ઉપરાંત વિવિધ સંવાદ કાર્યક્રમોમાં પણ ભાગ લેશે. તેમની સાથે રાજ્યના બે ધારાસભ્ય અનિરુદ્ધ દવે અને શૈલેશ પરમાર ઓબ્ઝર્વર તરીકે આ બેઠકમાં ભાગ લેશે.

આ બેઠકમાં 56 દેશોની 180થી વધુ વિધાનસભાઓ તેમાં પોતાનું પ્રતિનિધિત્વ કરશે. આ સંસ્થા કોઈ પણ ભેદભાવ વિના વિશ્વના તમામ દેશોને એક મંચ પર લાવે છે. જે સંસદીય પ્રણાલી અને સંસદીય બાબતોની સારી પ્રથાઓના અમલીકરણની ચર્ચા માટેનું વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત

પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................................

## ST- VADHARAANI BUS TRIP

આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને રાજ્યના પરિવહન નિગમ દ્વારા રાજ્યભરમાં ૮ હજાર ૩૪૦ બસોની વધારાની ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે.. જેના દ્વારા રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરો ને એસ.ટીની સલામત અને સમયબદ્ધ સવારીનો લાભ મળશે. વધુ માહિતી આપી રહ્યા છે... ગુજરાત એસટી નિગમના સી.એસ.ઓ.....

(બાઇટ – આર.ડી.ગલ્ચર, CSO, GSRTC)

આગામી ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમ્યાન મુસાફરો નિગમની વિભાગીય કચેરીના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in ઉપરથી ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. વધુ પુછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૬૬-૬૬-૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે.

--------------------

## SURENDRANAGAR-SAMAGRA SHIKSHA ABHIYAAN

સુરેન્દ્રનગર જિલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત આગામી 7 નવેમ્બરથી 16 નવેમ્બર દરમ્યાન ૬ થી ૧૯ વર્ષની વયજૂથના શિક્ષણથી વંચિત

રહી ગયા હોય તેવા અને ધો. ૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યા વગર અધવચ્ચેથી શાળા છોડી દીધા હોય તેવા દિવ્યાંગ સહિતના તમામ બાળકોનો એક સર્વે હાથ ધરાશે.

જો આવા બાળકો કોઈના ધ્યાનમાં હોય તો નજીકની સરકારી શાળાના આચાર્ય, અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૩૧૫૩ ઉપર કચેરી સમય દરમ્યાન જાણ કરવા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રનગર દ્વારા અનુરોધ કરાયો છે.

.................

## SEVASETU

રાજ્યભરમાં ચાલી રહેલા દસમા તબકકાના સેવસેતુ કાર્યક્રમ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં ધાંગધ્રા મોરથળા તેમજ  હડાળા ગામે  આવતીકાલે "સેવા સેતુ કાર્યક્રમ", યોજાશે. જેમાં આસપાસના ગામોના લોકોને સ્થળ પર જ લાભ મળશે.

બીજી તરફ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાનો સેવા સેતુ કાર્યક્રમ આગામી ૨૫ ઓક્ટોબરના રોજ શામણા પ્રાથમિક શાળા ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં આવક, જાતિ,વરિષ્ટ નાગરીક પ્રમાણપત્ર,દિવ્યાંગ પ્રમાણપત્રને લગતા દાખલાઓ, રાશનકાર્ડને લગતી અરજીઓ, આધારકાર્ડ, પ્રધાનમંત્રી જન આરાગ્ય કાર્ડ, વિગેરે જેવી નાગરીકોને મળતી ૫૫ જેટલી જાહેર યોજના હેઠળના લાભો સ્થળ ઉપર કાર્યવાહી કરી  મેળવી શકાશે.

-------

## SWACHHATA HI SEVA-KUTCH

કચ્છમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત કચ્છના ગ્રામ્ય વિસ્તાર સાથે સાથે  અંજાર, માંડવી, રાપર, નખત્રાણા, ભચાઉ, ભુજ, ગાંધીધામ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારમાં જાહેર રસ્તાઓને સાફ કરાયા તથા વિવિધ પ્રવૃત્તિ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કરાયો હતો.

ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ભચાઉ તાલુકા પંચાયત ખાતે તલાટી અને સરપંચની રીફ્રેશર તાલીમ યોજાઇ જેમાં ગ્રામકક્ષાએ ઘન અને પ્રવાહી કચરાનો યોગ્ય, સુચારૂ અને કાયમી નિકાલ કરવા અંગે યોગ્ય માર્ગદર્શન અપાયું.

-----------------------------------

## WETHER

રાજ્યમાં નૈઋત્ય ચોમાસાની વિદાય છતાં હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

આજે અને આવતીકાલે વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, પોરબંદર, પંચમહાલ અને દાહોદમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

ઉપરાંત આગામી 20 તારીખે દક્ષિણ ગુજરાતના ડાંગ અને તાપીમાં ભારે વરસાદ તથા સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

આજે કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં સાંજે વીજળીના ચમકારા સાથે અડધા કલાકમાં અડધો ઇંચ વરસાદ વરસ્યો હોવાનું અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસારે જણાવ્યું છે.

અમારા ડાંગના પ્રતિનિધિ મુનીરા શેખના અહેવાલ અનુસાર આહવા અને આસપાસના વિસ્તારોમાં સાંજના સમયે મુશળધાર વરસાદ વરસ્યો હતો.

---------------------------